ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૧.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૪૦ ટકા

# ઝુલેલાલના જન્મદિવસ ચેટીચાંદની આજે ઉજવણી



ગાંધીનગર, તા. ૨૨
ચેટીચાંદ એ સિંધી સમાજ દ્વારા ઉજવાતો તહેવાર છે. તેમના ઈષ્ટદેવ ઝુલેલાલના જન્મદિન તરીકે સમગ્ર સિંધી સમાજ ઉલ્લાસભેર ચેટીચાંદની ઉજવણી કરે છે.

ઝુલેલાલના જન્મોત્સવ નિમિત્તે 'ઝુલેલાલ બહરાણો સાહબ' સ્વરૂપે શાહી સરઘસ કાઢવામાં આવે છે. 'ઝુલેલાલ બેડા પાર'ના નારાઓથી સરઘસ ગુંજી ઉઠે છે. વિવિધ સ્થળોએ આવેલા દરિયાલાલ-ઝુલેલાલના મંદિરોની વિશેષ સાજ સજાવટ કરવામાં આવે છે. તેમના દર્શન માટે સવારથી જ મંદિરોમાં ભારે ભીડ જામવા લાગે છે. ચેટીચાંદના દિવસે વિશેષ પૂજાનુ આયોજન કરવામાં આવે છે. સીંધી સમાજના ભાઈ-બહેનો એકબીજાને ચેટીચાંદની શુભેચ્છા પાઠવે છે અને શોભાયાત્રામાં જોડાય છે. દર વર્ષે ચેટીચાંદ અને ગુડી પડવાની ઉજવણી એક સાથે યોજાય છે પરંતુ આ વખતે તીથિમાં ફેરફાર હોવાથી ૨૨મી માર્ચે ગુડીપડવાની ઉજવણી કરવામાં આવી હતી જ્યારે ૨૩મી માર્ચ ચેટીચાંદની ઉજવણી કરવામાં આવશે. ગાંધીનગરમાં સેક્ટર-૩૦ ખાતે દરિયાલાલ-ઝુલેલાલનુ મંદિર આવેલુ છે. ઝુલેલાલ મંદિરે ચેટીચાંદની વિશેષ ઉજવણી કરવામાં આવશે. આખો દિવસ



વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. શોભાયાત્રા, ધુન, ભજન, કિર્તન, મહા પ્રસાદ અને મહા આરતીના કાર્યક્રમો યોજવામાં આવશે. સીંધીઓના ઈષ્ટદેવ ઝુલેલાલને ઉદેરોલાલ, ઘોડેવારો, જિન્દપીર, લાલસાંઈ, પલ્લેવારે, અનરલાલ વગેરે વિવિધ નામોથી ઓળખવામાં આવે છે. ઝુલેલાલ જળ અને અગ્નિનો અવતાર છે એવુ માનવામાં આવે છે. ચેટીચાંદ નિમિત્તે ઝુલેલાલ મંદિરમાં જ્યોત પ્રગટાવવામાં આવે છે.

આ દિવસે વરૂણદેવની સ્તુતી કરવામાં આવે છે. આ દિવસે સીંધી વેપારીઓ નવા ચોપડાના શ્રીગણેશ કરે છે.

### ઝુલેલાલ મંદિર ખાતે ચેટીચાંદની ઉજવણી

દરિયાલાલ-ઝુલેલાલ મંદિર, સેક્ટર-૩૦ ખાતે ચેટીચાંદની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણી અવસરે આવતીકાલે તા. ૨૩મી માર્ચના રોજ સવારે ૧૧ થી ૧.૩૦ દરમ્યાન ભજન-કિર્તન અને ઝુલેલાલના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. સિંધી પરિવારોને આ ઉત્સવમાં જોડાવવા આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

## જન્મદિને વધામણી



**સી કે મેસરિયા**
મો. ૯૯૨૪૧ ૨૨૪૮૩



**દેવ્યાની સરવૈયા**
મો. ૭૬૦૦૧ ૮૬૨૨૯



**પ્રણવ દિગીશકુમાર રાજ**



**નક્ષ સંદીપજી ઠાકોર**

## વિશ્વવન દિવસે રક્ષા શુક્લ લિખિત પુસ્તક 'પારિજાત પેલેસ'નું વિમોચન કરાયું



ગાંધીનગર, તા.૨૨
ગુજરાત રાજ્યની ગુજરાત સાહિત્ય અકાદમી આયોજિત વિશ્વવન દિવસે જાણીતા કવયિત્રી રક્ષા શુક્લ લિખિત નિબંધસંગ્રહ 'પારિજાત પેલેસ'નું વિમોચન મેડિકલ હોલ ખાતે થયું હતું. વિખ્યાત વક્તા કૃષ્ણકાંત ઉનડકટ વક્તવ્ય દરમિયાન જણાવ્યું કે 'જે માણસે વનમાં વિહાર નથી કર્યો એને પ્રકૃતિનો પરિચય થશે જ નહીં' સુપ્રસિદ્ધ લેખિકા કાજલ ઓઝા-વૈદ્યએ કહ્યું કે 'અંદર અને બહારની પ્રકૃતિ એક થાય તો જ સમૃદ્ધિના સરનામે નિવાસ કરી શકીએ.' જાણીતા સાહિત્યકાર ભાગ્યેશ જહાએ 'પારિજાત પેલેસ' પુસ્તકનું વિમોચન કરતા જણાવ્યું કે 'રક્ષા શુક્લની પ્રકૃતિમાં પ્રકૃતિ છે, તેઓ પ્રકૃતિ જેટલાં જ સહજ અને સરળ છે. જંગલમાં રહીને આ અદભુત પુસ્તક લખ્યું છે.' જાણીતા શિક્ષણવિદ ડૉ. . જયેન્દ્રસિંહ જાદવએ વન-ઉપવનની સફરના વિવિધ આયામ ખોલી આપ્યા હતા. રક્ષા શુક્લએ પ્રકૃતિનાં પ્રાંગણમાં કરેલા પોતાના પારાવાર પ્રેમાલાપને આલેખ્યો હતો. ગાયિકા ડૉ. કૃતિ મેઘનાથીએ પ્રકૃતિગાન રજૂ કર્યું હતું. ડૉ. નિસર્ગ આહીરે સુચારુ સંચાલન અને કવિ હરદ્વાર ગોસ્વામીએ સંકલન કર્યું હતું.

## સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા નારી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨
સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલાદિન નિમિત્તે 'નારી સન્માન અને સાંસ્કૃતિક' કાર્યક્રમનું આયોજન દેવનંદન સમિટ હોલ, સરગાસણ ખાતે કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે પૂર્વ મેયર અને હાલના ધારાસભ્ય શ્રીમતિ રીટાબેન પટેલ, અન્ય મહેમાન તરીકે ડૉ. ઈલાબેન જોષી, ન્યુરોલોઝીસ્ટ, જયારે અતીથિ વિશેષ તરીકે કોકીલાબેન ભટ્ટ કવિયત્રી, ધર્મિષ્ઠાબેન ચૌહાણ, ભાજપ, ગાંધીનગર, એસ.સી. મોરચાના ઉપપ્રમુખ રેખાબેન રાવલ, બી.જે.એમ.એસ.ના પ્રદેશ પ્રમુખ, જી.ઈ.એસ. એજયુકેશન ડીપાર્ટમેન્ટના સેક્રેટરી દર્શના દેસાઈ, પારૂલબેન મહેતા, યોગગુરૂ તેમજ દેવનંદન સમીટના અગ્રણી રેખાબેન



પટેલ ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખ પ્રતિભાબેન દવેએ મહેમાનોનું શાબ્દીક સ્વાગત કર્યુ હતુ.

આ કાર્યક્રમમાં ચાર વર્ષથી માંડીને ચોર્યાસી વર્ષની બહેનોએ પોતાની કૃતિઓ આબેહૂબ રજૂ કરી હતી. તેમજ ગૃહિણી તરીકે અને સાથે સાથે સર્વિસ કરીને કે ગૃહઉદ્યોગ કરી પરિવારને સહકાર આપતી બહેનોનું પણ સન્માન કરવામાં આવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં દેવીબેન શુકલ, પારૂલબેન મહેતા, અલ્પાબેન, ઈન્દીરાબેન, કોકીલાબેન ભરવાડ, રેખાબેન પટેલ, માલાબેન દરજી તેમજ કમીટીની બહેનોએ સાથ સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પારૂલબેન મહેતાએ કરેલ અને દેવીબેને આભારવિધિ કરેલ.

## કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.બી.એ કોલેજ દ્વારા યૂથ પાર્લામેન્ટનું આયોજન

### પાર્લામેન્ટમાં મહિલા અનામત ખરડો તેમજ રાજ્ય લોકસભા વિધાનસભાની ચુંટણી એક સાથે યોજવાનો ખરડા પસાર

ગાંધીનગર, તા.૨૨
કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગરની બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને લોકશાહી પરંપરા તેમજ વૈધાનિક બાબતોને શીખવવાનો અનોખો પ્રયોગ કરાયો હતો. કોલેજના કુલ ૫૦ વિદ્યાર્થીઓએ યૂથ પાર્લામેન્ટમાં ભાગ લીધો હતો. આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીઓને યૂથ પાર્લામેન્ટના સમગ્ર સત્ર દરમ્યાન બંધારણની બાબતોને વધુમાં વધુ જાણવા માટે અનુરોધ કર્યો હતો. તેમજ યૂથ પાર્લામેન્ટ પછી મોક જ્યુડીશરી અને આવા બીજા હકારાત્મક કાર્યક્રમો આપવા માટે સુચન કર્યું હતું. જેને સહર્ષ સ્વીકારવામાં આવ્યું હતું. તેમજ આ આગાઉ મોક ઈન્ટરવ્યું નું આયોજન કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યું માટે સજ્જ કરવા માટે થઈ ચુક્યું છે. વિદ્યાર્થીઓ એ દેશ હિત ને સ્પર્શતા



તમામ મુદ્દાઓ નો સમાવેશ આ મોક પાર્લામેન્ટમાં કર્યો હતો જેમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નકાળ દરમ્યાન સરકારના વિભિન્ન વિભાગોને લગતા કુલ ૨૪ પ્રશ્નો ચર્ચ્યા હતા. સરકાર કરના શિક્ષણ, પર્યટન, કૃષિ, ગૃહ, વિદેશ સહીત તમામ પ્રશ્નો યુવા વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ એ તેમના અભિપ્રાય આપતા જણાવ્યું કે કોલેજ ના આચાર્ય દ્વારા આવા કાર્યક્રમ માટે મંજુરી તેમજ માર્ગદર્શનથી તેઓ આ કાર્યક્રમમાં ભાગ લઈ શક્યા હતા. ડો. જયેશ તન્ના દ્વારા પણ વિદ્યાર્થીઓને પાર્લામેન્ટ સાથેસાથે મેનેજમેન્ટનું સામંજસ્ય સમજાવ્યું હતું. આદિત્યસિંહ જાડેજા દ્વારા રાષ્ટ્રપતિ તેમજ સાગર પ્રધનાની દ્વારા અધ્યક્ષાની ભૂમિકા ભજવવામાં આવી હતી. ઉપાધ્યક્ષ તરીકે ક્રિષી પટેલ એ ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ડો.જયેશ તન્ના,એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્ર રાઠોડ સહિત સમગ્ર કોલેજ પરિવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## શહેરમાં ગુડી પડવાની ઉલ્લાસપૂર્વક ઉજવણી

ગાંધીનગર, તા.૨૨
ગાંધીનગરમાં વસતાં મરાઠી પરિવારોએ ગુડી પડવાની ઉલ્લાસભેર ઉજવણી કરી હતી. મરાઠી નવ વર્ષની શરૂઆત આ દિવસથી થતી હોવાથી મરાઠી પરીવારોએ નવા વસ્ત્રો ધારણ કરી ઉલ્લાસભેર ગુડી પડવાની ઉજવણી કરી હતી. ચૈત્ર સુદ એકમ એ મરાઠી નવા વર્ષનો પ્રથમ દિવસ છે. એ પાછળ એવી દંતકથા પ્રચલિત છે કે પ્રભુ શ્રી રામચંદ્ર ચૌદ વર્ષનો વનવાસ ભોગવી, લંકાપતિ રાવણનો વધ કરી વિજયી થઈ જે દિવસે અયોધ્યા પાછા ફર્યા તે દિવસ ચૈત્ર સુદ એકમ હતી. અયોધ્યા નગરીના લોકોએ ઘરે-ઘરે ગુડી, તોરણો ઉભા કરી રામના પાછા ફરવાનો આનંદ વ્યક્ત કર્યો હતો. તે સંદર્ભે ગુડી પડવાનો આ તહેવાર દર વર્ષે ઉજવવામાં આવે છે. ગુડી પડવાને વર્ષ પ્રતિપદા તરીકે પણ ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે હિંદુઓ કોઈ નવી બાબતનો પ્રારંભ કરવા માટે શુભ દિવસ પસંદ કરે છે. એ દ્રષ્ટીએ વર્ષના કેટલાક દિવસો વણજોયા મુહુર્ત તરીકે કે સાડા ત્રણ મુહુત જાણીતા છે. ગુડી પડવાનો દિવસ આ સાડા ત્રણ મુહુર્ત પૈકીનો એક છે. નવા ઘરમાં રહેવા જવું, કીંમતી વસ્તુઓની ખરીદી કરવી વગેરે બાબતો માટે આ દિવસ શુભ મનાય છે. આ દિવસે નવા સંવતનો પ્રારંભ થાય છે અને નવું પંચાંગ પણ શરૂ થાય છે. શાલિવાહન શકની શરૂઆત (હિંદુ કાળગણના પ્રમાણે) જ આ દિવસે થઈ હતી.



## સેક્ટર-૨૪ ખાતે ફન્ટાસ્ટિક ચિત્ર સ્પર્ધામાં બમ્પર ઈનામો અને લકી ડ્રો કરાશે

ગાંધીનગર, તા.૨૨
આગામી બીજી એપ્રિલે, રવિવારના રોજ બપોરે ૩:૦૦ કલાકે સેક્ટર-૨૪ ખાતે મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આયોજિત, યુરોકિડ્સ પ્રી સ્કૂલનાં સહયોગથી ફન્ટાસ્ટિક ડ્રોઈંગ કોમ્પિટિશન - ૨૦૨૩ નું આયોજન કરવામાં આવેલ છે. સ્પર્ધામાં રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. સ્પર્ધાનો વિષય "કોઈપણ રંગીન કૃતિ" રહેશે. આ સ્પર્ધામાં ૫ વર્ષથી ૩૦ વર્ષ સુધીના લોકો ભાગ લઈ શકશે. ભાગ લેનાર દરેક સહભાગી વિદ્યાર્થીઓને આયોજક દ્વારા પ્રમાણપત્ર અને ટ્રોફી આપીને પ્રોત્સાહિત કરવામાં આવશે તથા અનેક બમ્પર ઈનામો અને લકી ડ્રો કરવામાં આવશે. રજિસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ ૨૯/૦૩/૨૦૨૩ રહેશે.

## શાહપુર પ્રાથમિક શાળામાં મફત મહિલા આરોગ્ય કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૨
ગાંધીનગર તાલુકાની શાહપુર પ્રાથમિક શાળામાં બરોડા ગ્લોબલ શેર સર્વિસ અને કુસુમ ધીરજલાલ હોસ્પિટલ (કે. ડી. હોસ્પિટલ ) ના સંયુક્ત ઉપક્રમે મફત મહિલા આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામમાંથી મોટી સંખ્યામાં મહિલાઓ હાજર રહ્યા. કે,ડી. હોસ્પિટલના મહિલા ડોક્ટર શ્રી શચિ જોષી તેમજ તેમની ટીમ દ્વારા મહિલાઓને લગતી સમસ્યાઓ ઉપરાંત બી.એમ.આઈ. આર.બી.એસ. બ્લડ પ્રેશર, ઈ.સી.જી., સી.બી.સી. અને ગાયનેક તપાસ જેવી સુવિધા નિશુલ્ક પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત હાજર તમામ મહિલાઓને સેનિટરી પેડનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. શાળામાં ભણતી ધોરણ – ૬ થી ૮ ની તમામ કન્યાઓને પણ તેમને



પડતી સમસ્યાઓ અંગે વ્યક્તિગત માર્ગદર્શન આપી તપાસ કરવામાં આવી હતી. હાજર તમામ મહિલાઓને કેમ્પમાં કરેલ તપાસના તમામ રિપોર્ટ સાથે એક ફાઈલ આપવામાં આવી હતી. જેને શાળામાં ૬ માસ બાદ ફરી આ જ પ્રકારના કેમ્પમાં સાથે લઈ આવવા જણાવવામાં આવ્યું હતું. શાળામાં યોજાયેલ આ કેમ્પમાં ગામના યુવા અને શિક્ષિત સરપંચ શ્રી અર્પિતભાઈ પટેલ મહિલાઓને હાજર રાખવા અને માર્ગદર્શન આપવા માટે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિએ બરોડા ગ્લોબલ શેર સર્વિસના અધિકારી ગણ, કે. ડી. હોસ્પિટલ તથા ઉપસ્થિત તમામ ગ્રામજનોનો આભાર માન્યો હતો.







ચૈત્ર નવરાત્રી અને હિન્દુ નવ વર્ષ નિમિત્તે શહેરના મંદિરોમાં માતાજીને ખાસ શણગાર કરવામાં આવ્યો હતો. ભક્તોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને સારૂ આરોગ્ય પ્રાપ્ત થાય તે માટે પ્રાર્થના પણ કરવામાં આવી હતી.

## વિશ્વ કવિતા દિવસે 'પ્રકૃત્તિગાન' કાવ્ય મહેફિલમાં કવિઓ સોળે કળાએ ખીલી ઊઠ્યા



ગાંધીનગર, તા.૨૨
ગાંધીનગર સાહિત્યસભા દ્વારા વિશ્વ વન દિવસ અને વિશ્વ કવિતા દિવસ અન્વયે ૨૧મી માર્ચે 'પ્રકૃતિગાન' કાવ્ય મહેફિલની ઊજવણી પુનિતવન ખાતે કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે પ્રાસંગિક પ્રવચન સાથે કરી હતી. 'પ્રકૃતિગાન' કાવ્ય મહેફિલમાં કવિ સંદીપસિંહ ચાવડા જેવા યુવા કવિથી શરૂઆત થઈ હતી. ગુજરાત ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત કવયિત્રી રિંકુ રાઠોડે એનાં આગવા મિજાજમાં કવિતાઓ પ્રસ્તુત કરી હતી. સંજય થોરાતે વિચાર શ્રૃંખલા કાવ્ય પ્રસ્તુત કર્યું હતું. ગાંધીનગરના જાણીતા કવિ નિરંજન શાહે ગઝલ પ્રસ્તુત કરી હતી જ્યારે ગાંધીનગર સાહિત્યસભાના મહામંત્રી રમેશ ઠક્કરે લીમડો શીરમોર છે જેવી પ્રકૃતિ કાવ્યની પ્રસ્તુતિ કરી હતી. પ્રકૃતિગાન કાવ્ય મહેફિલના સંચાલક કવિ પ્રતાપસિંહ ડાભી 'હાકલ' દ્વારા એમની સિગ્નેચર રચના 'એ માણસને શોધી કાઢો' રજૂ કરી અને બીજું ગીત તરન્નુમમાં રજૂ કર્યું હતું.

કાર્યક્રમના અંતે વરિષ્ઠ કવિ હરિકૃષ્ણ પાઠક દ્વારા કવિતાઓ પ્રસ્તુત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર, કવિ અને સાહિત્ય પ્રેમીઓ હાજર રહ્યા હતા

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**
**-સંપાદક**



મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાયો હતો.

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૨
પ્લાઝમા રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ,





સરગાસણના વિદ્યાર્થીઓ ધોરણ ૮ ના રણંજય અને ધોરણ ૯ના અક્ષત સોની બીજા ક્રમે રહ્યાં હતા. અને ફાઈનલ રાઉન્ડ માટે ક્વોલિફાય થયેલ હતા. અંતિમ રાઉન્ડમાં આ વિદ્યાર્થીઓએ ત્રીજું સ્થાન મેળવી અને રોકડ પુરસ્કાર જીતેલ હતા.

સિદ્ધિ બદલ વેદ પરિવાર વતી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૨
મેલડી આનંદ ગરબા મંડળ સે. ૩-સી દ્વારા આનંદનો ગરબો શારદાબેન પટેલ પ્લોટ નં. ૯૨૪/૧, સેક્ટર-૪-ડી તા. ૨૩-૩-૨૦૨૩ને ગુરૂવારના રોજ બપોરે સમય ૨ થી ૫ કલાક સુધી આનંદનો ગરબો રાખેલ છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.ઝાલા હીરાલાલ નારણદાસ** ઉ.વ.૭૨, ગાંધીનગર
- **સ્વ.કાકડીયા મગનલાલ પ્રાગજીભાઈ** ઉ.વ.૭૬, ગાંધીનગર
- **સ્વ.વણઝારા રામાજી સવાજી** ઉ.વ.૪૫, ગાંધીનગર
- **સ્વ.ચૌહાણ ધાર્મિક વિજયભાઈ** ઉ.વ.૧૪, પેથાપુર
- **સ્વ.દંતાણી સંગીતાબેન મશહુરભાઈ** ઉ.વ.૪૦, ગાંધીનગર
- **સ્વ.મકવાણા મીનાક્ષી મેહુલકુમાર** ઉ.વ.૪૦, પાલજ નવા
- **સ્વ.ઝાલા નાનજી કુંવરજી** ઉ.વ.૭૭, અડાલજ